પ્રકાશનની તારીખ- 01/જાન્યુઆરી/2025

નિયમો અને શરતો

આ નિયમો અને શરતો ("**નિયમો અને શરતો**") એચડીએફસી બેંક લિમિટેડ ("**એચડીએફસી બેંક**") દ્વારા જારી કરાયેલ ગીફ્ટપ્લસ કાર્ડ્સ (અહીં વ્યાખ્યાયિત કર્યા મુજબ) ને લાગુ પડે છે અને તેને નિયંત્રિત કરે છે. આ નિયમો અને શરતો સમય સમય પર એચડીએફસી બેંક દ્વારા નિર્ધારિત અન્ય કોઈપણ શરતો ઉપરાંત હશે અને તેની જગ્યા લેશે નહીં. આ શરતો અને કોઈપણ જોડાણો અથવા તેની સાથેની વધારાની માહિતીમાં એચડીએફસી બેંકની વેબસાઇટ પર આપવામાં આવેલા નિયમો અને શરતો (એકસાથે "શરતો") પણ શામેલ હશે અને ગિફ્ટપ્લસ કાર્ડના ઉપયોગને નિયંત્રિત કરશે.

1. વ્યાખ્યાઓ

જ્યાં સુધી વિષય અથવા સંદર્ભમાં કંઈપણ, નીચે સૂચિબદ્ધ મોટા અક્ષરોમાં લખેલા શબ્દો સાથે અસંગત ન હોય, ત્યાં સુધી તેમનો અર્થ નીચે મુજબ હશે:

"ખાતું" એટલે એચડીએફસી બેંકમાં કાર્ડધારકનું કોઈપણ બચત/ચાલુ ખાતું;
"ચેતવણીઓ" એટલે કાર્ડધારક અને/અથવા એચડીએફસી બેંક દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી અથવા આપવામાં આવેલી સૂચનાઓના આધારે કાર્ડધારકને મોબાઇલ ફોન પર શોર્ટ મેસેજ સર્વિસ તરીકે અથવા ઇલેક્ટ્રોનિક મેઇલ દ્વારા મેસેજ તરીકે મોકલવામાં આવેલા કસ્ટમાઇઝ્ડ મેસેજ;
"લાગુ પડતો કાયદો" એટલે ભારતના કોઈપણ વિધાનસભા સંસ્થાના તમામ લાગુ કાયદાઓ, અથવા અધિનિયમ, કોઈપણ સરકારી સત્તાવાળાના કાયદા, વટહુકમો, નિયમો, પેટા-નિયમો, નિયમનો, સૂચનાઓ, માર્ગદર્શિકા, નીતિઓ, નિર્દેશો અને આદેશો અને તેમાં થતા કોઈપણ સુધારા અથવા ફરીથી લાગુ થતા અધિનિયમ;
"અરજદાર" એટલે (એ) કાર્ડધારકને ગિફ્ટપ્લસ કાર્ડ(ઓ) જારી કરવા માટે એચડીએફસી બેંકને અરજી પત્રક રજૂ કરીને અરજી કરનાર વ્યક્તિ, અથવા (બી) જે કોર્પોરેટ એચડીએફસી બેંક સાથે ગિફ્ટપ્લસ કાર્ડ(ઓ) જારી કરવા માટે, અન્ય બાબતોની સાથે, એચડીએફસી બેંક સાથે કરવામાં આવેલી કોઈપણ હાલની વ્યવસ્થા અનુસાર ગિફ્ટપ્લસ કાર્ડ(ઓ) જારી કરવા માટે વિનંતી કરે છે;
"અરજી પત્રક" એટલે કાર્ડધારકને ગિફ્ટપ્લસ કાર્ડ જારી કરવા માટે અરજદાર દ્વારા યોગ્ય રીતે ભરેલું અને રજૂ કરેલું, જોડાણો અને આદેશો સહિતનું અરજી પત્રક;
"કાર્ડ બેલેન્સ" એટલે ગિફટપ્લસ કાર્ડ(ઓ) પર સમય-સમય પર લોડ કરેલી/કરવામાં આવતી લોડ થયેલ બેલેન્સ;
"કાર્ડધારક" એટલે એ વ્યક્તિ જેને એચડીએફસી બેંકે ગિફટપ્લસ કાર્ડ જારી કરવા માટે અરજદાર દ્વારા રજૂ કરાયેલ અરજી પત્રકના આધારે ગિફટપ્લસ કાર્ડ જારી કર્યું છે;
"કોર્પોરેટ" એટલે કે કોર્પોરેટ સંસ્થા કે જેણે એચડીએફસી બેંક સાથે આવી કોર્પોરેટ સંસ્થાના કર્મચારીઓ/અધિકારીઓ/સહયોગીઓને ગિફ્ટપ્લસ કાર્ડ્સ સહિત અમુક પ્રીપેડ કાર્ડ્સ જારી કરવા માટે વ્યવસ્થા કરી છે;
"કૅસ્ટમર કેર" એટલે એચડીએફસી બેંક દ્વારા કાર્ડધારકોને ગિફટપ્લસ કાર્ડ સંબંધિત કોઈપણ પ્રશ્નો માટે પૂરી પાડવામાં આવતી ટોલ-ફ્રી ટેલિફોનિક ગ્રાહક સેવાની સુવિધા, જેનો નંબર ગિફટપ્લસ કાર્ડની પાછળ દર્શાવેલ છે;

"ગિફ્ટપ્લસ કાર્ડ" એટલે 'એચડીએફસી બેંક ગિફ્ટપ્લસ કાર્ડ' નામનું પ્રીપેડ કાર્ડ, જે આ નિયમો અને શરતો અનુસાર કાર્ડધારકોને ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં જારી કરવામાં આવે છે;

"એચડીએફસી બેંક વેબસાઇટ" એટલે www.HDFCbank.com છે, જેની માલિકી એચડીએફસી ધરાવે છે અને જે એચડીએફસી બેંક દ્વારા સંચાલિત અને જાળવણી હેઠળ છે;

“કેવાયસી માર્ગદર્શિકા” એટલે ભારતીય રિઝર્વ બેંક દ્વારા 25 ફેબ્રુઆરી, 2016 ના રોજ, નં. DBR.AML.BC.No.81/14.01.001/2015-16 ધરાવતું, માસ્ટર ડાયરેક્શન - નો યોર કસ્ટમર (કેવાયસી) ડાયરેક્શન, 2016 નામથી જારી કરાયેલ મુખ્ય નિર્દેશ અને અન્ય તમામ લાગુ પડતા 'નો યોર કસ્ટમર' દિશાનિર્દેશો અથવા ભારતીય રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા;

“પીપીઆઈ માસ્ટર ડાયરેક્શન” એટલે સંદર્ભ ક્રમાંક RBI/DPSS/ 2017-18/ 58 માસ્ટર ડાયરેક્શન DPSS.CO.PD. નં. 1164/02.14.006/2017-18 ધરાવતા, ‘માસ્ટર ડિરેકશન ઓન પ્રીપેડ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ’ નામથી ભારતીય રિઝર્વ બેંક દ્વારા 11 ઓક્ટોબર, 2017 ના રોજ જારી કરાયેલ મુખ્ય નિર્દેશ;

“વ્યવહાર(ઓ)” એટલે ગિફ્ટપ્લસ કાર્ડ(ઓ) નો ઉપયોગ કરીને કરવામાં આવેલા કોઈપણ વ્યવહાર(ઓ).

2. અર્થઘટન

આ નિયમો અને શરતોમાં, જ્યાં સુધી સંદર્ભ અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી:

(એ) એકવચનમાં બહુવચનનો સમાવેશ થાય છે, અને બહુવચનમાં એકવચનનો અને કોઈપણ લિંગવાળા શબ્દોમાં અન્ય લિંગનો સમાવેશ થતો હોવાનો માનવામાં આવશે;

(બી) "અહીંથી", "અહીં", "આથી", "અહીં સુધી" અને આવી રીતે બનેલા અથવા સમાન શબ્દો આ નિયમો અને શરતોનો સંદર્ભ આપે છે;

(સી) "શામેલ છે" અથવા "આ સહીત" શબ્દોના સંદર્ભોનો અર્થ મર્યાદા વિના સમજવાનો રહેશે;

(ડી) કોઈપણ ફકરાનો અર્થ આ નિયમો અને શરતોનો ફકરો થશે;

(ઈ) કોઈપણ કાયદા, નિયમ, પરિપત્ર અથવા નિયમન અથવા તેની કોઈપણ જોગવાઈના સંદર્ભમાં આવા કોઈપણ કાયદા, નિયમો, પરિપત્ર અથવા નિયમનનો સંદર્ભ શામેલ હશે, જે તે તારીખ પછી, સમયાંતરે, સુધારેલા, વધારવામાં આવેલા અથવા ફરીથી અમલમાં મૂકવામાં આવે છે, અને કાયદાકીય જોગવાઈના કોઈપણ સંદર્ભમાં તે જોગવાઈ હેઠળ સમયાંતરે બનાવેલા કોઈપણ ગૌણ કાયદાનો સમાવેશ થશે;

(એફ) "વ્યક્તિ" શબ્દમાં વ્યક્તિ, ભાગીદારી પેઢી, મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી, કંપની (કંપનીઓ અધિનિયમ, 2013 ની કલમ 2(20) માં વ્યાખ્યાયિત કર્યા મુજબ), કોર્પોરેટ સંસ્થા (કંપનીઓ અધિનિયમ, 2013 ની કલમ 2(11) માં વ્યાખ્યાયિત કર્યા મુજબ), સહકારી મંડળી, ટ્રસ્ટ, સમાવિષ્ટ હોય કે ન હોય તેવું વ્યક્તિઓનું સંગઠન અને કોઈપણ અન્ય સંસ્થાનો સમાવેશ થાય છે;

(જી) શીર્ષક અને ઘાટા અક્ષરોનો ઉપયોગ ફક્ત સુવિધા માટે કરવામાં આવ્યો છે, જે આ નિયમો અને શરતોના અર્થઘટનને અસર નહીં કરે.

3. ગિફ્ટપ્લસ કાર્ડ માટે અરજી અને તે જારી થવું

3.1 ગિફ્ટપ્લસ કાર્ડ જારી કરવાના સંદર્ભમાં, અરજદારે ગિફ્ટપ્લસ કાર્ડ જે વ્યક્તિને જારી કરવામાં આવશે, તેના સંબંધમાં એચડીએફસી બેંક દ્વારા માંગવામાં આવતી માહિતી અને દસ્તાવેજો સહીત એચડીએફસી બેંકને ભરેલું અરજી પત્રક અને એચડીએફસી બેંક દ્વારા અરજી પત્રક સાથે માંગવામાં આવતી જરૂરી માહિતી/દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

3.2 ઉપરોક્ત ફકરા 3.1 ના સંદર્ભમાં અરજી પત્રક અને દસ્તાવેજો રજૂ કરતી વખતે, અરજદારે કાર્ડધારકને જારી કરવામાં આવનાર ગિફ્ટપ્લસ કાર્ડ પર લોડ કરવામાં આવનાર રકમની ચુકવણી, એચડીએફસી બેંક દ્વારા આ સંદર્ભમાં નિર્ધારિત પ્રક્રિયા અને લાગુ કાયદા (મર્યાદા વિના, પીપીઆઈ માસ્ટર દિશાનિર્દેશો સહિત) અનુસાર કરવી પડશે.

3.3 એચડીએફસી બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી અને એચડીએફસી બેંક દ્વારા સમય-સમય પર ઉલ્લેખિત નિયમો અને શરતોની પરિપૂર્ણતા અને અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ થવા પર કાર્ડધારકને ગિફ્ટપ્લસ કાર્ડ જારી કરી શકે છે. અરજદાર સ્વીકારે છે અને સંમત થાય છે કે ગિફ્ટપ્લસ કાર્ડ જારી કરવાનો એકમાત્ર અધિકાર એચડીએફસી બેંકનો રહેશે અને આ નિયમો અને શરતોમાં સમાવિષ્ટ કંઈપણ (મર્યાદા વિના, અરજી પત્રક રજૂ કરવા અને/અથવા ઉપરોક્ત ફકરા 3.2 ના સંદર્ભમાં ગિફ્ટપ્લસ કાર્ડ પર રકમ લોડ કરવા સહિત) કાર્ડધારકને ગિફ્ટપ્લસ કાર્ડ જારી કરવા માટે એચડીએફસી બેંકને બંધનકર્તા નથી.

3.4 જો અરજદાર દ્વારા કરવામાં આવેલી અરજી એચડીએફસી બેંક દ્વારા નકારવામાં આવે છે, તો અરજદાર દ્વારા ચૂકવવામાં આવેલી રકમ (જો કોઈ હોય તો) એચડીએફસી બેંક દ્વારા, જે ખાતામાંથી આવી ચુકવણી એચડીએફસી બેંકને કરવામાં આવી હતી, તે ખાતામાં પરત કરવામાં આવશે.

3.5 આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે આ ફકરા 3 ની જોગવાઈઓ એવી સ્થિતિમાં લાગુ નહીં પડે કે જ્યારે એચડીએફસી બેંક દ્વારા ગિફ્ટપ્લસ કાર્ડ, અન્ય બાબતોની સાથે, ગિફ્ટપ્લસ કાર્ડ જારી કરવા માટે કોર્પોરેટ અને એચડીએફસી બેંક વચ્ચેની હાલની વ્યવસ્થા અનુસાર, કોઈપણ કોર્પોરેટની વિનંતી પર જારી કરવામાં આવી રહ્યું હોય.

4. ગિફટપ્લસ કાર્ડ સક્રિય કરવું

4.1 કાર્ડધારક આથી સ્વીકારે છે અને સંમત થાય છે કે ગિફટપ્લસ કાર્ડ, જારી થયાની તારીખે નિષ્ક્રિય હશે અને અને ઉપરોક્ત ફકરા 3.2 ની શરતો મુજબ ગિફ્ટપ્લસ કાર્ડ પર લોડ થયેલ કોઈપણ મૂલ્યનો ઉપયોગ ત્યાં સુધી નહીં થઇ શકે જ્યાં સુધી ગિફ્ટપ્લસ કાર્ડ આ શરતો મુજબ સક્રિય ન થાય.

4.2 ગિફ્ટપ્લસ કાર્ડ આ શરતો અનુસાર સક્રિય કરવામાં આવશે: (એ) જયારે કાર્ડધારક અને અરજદાર એચડીએફસી બેંક (અને/અથવા તેના વ્યવસાયિક સંવાદદાતાઓ/પેટા-કોન્ટ્રાક્ટરો) ને એચડીએફસી બેંક દ્વારા 'તમારા ગ્રાહકને જાણો' ("કેવાયસી") ની તપાસ કરવા માટે જરૂરી દસ્તાવેજો તેમજ એચડીએફસી બેંક દ્વારા જરૂરી અન્ય કોઈપણ દસ્તાવેજો પ્રદાન કરે; (બી) એચડીએફસી બેંક દ્વારા કાર્ડધારકના સંબંધમાં કેવાયસી તપાસની સફળતાપૂર્વક પૂર્ણ થવા પર; અને (સી) કાર્ડધારક દ્વારા એચડીએફસી બેંક દ્વારા આ સંદર્ભમાં જરૂરી અન્ય માહિતી, વિગતો અને દસ્તાવેજો પ્રદાન કરવા પર.

4.3 અહીં જે કંઈપણ વિપરીત હોય તે હોવા છતાં, કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે જો કાર્ડધારક અને/અથવા અરજદાર દ્વારા પૂરા પાડવામાં આવેલ કેવાયસીમાં કોઈ અસંગતતા હોય અને/અથવા કાર્ડધારક દ્વારા આ નિયમો અને શરતો, એચડીએફસી બેંક સાથે દાખલ કરાયેલા નિયમો અને શરતો, કેવાયસી માર્ગદર્શિકા અને/અથવા પીપીઆઈ માસ્ટર ડિરેક્શન્સનું પાલન ન કરવામાં આવે તો એચડીએફસી બેંકને, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, ગિફ્પ્લેસ કાર્ડને તાત્કાલિક રદ/સસ્પેન્ડ/બ્લોક કરવાનો અધિકાર હશે અને આ સંદર્ભમાં કાર્ડધારક અને/અથવા અરજદારને થતી કોઈપણ અસુવિધા માટે તે જવાબદાર રહેશે નહીં.

5. કાર્ડધારક દ્વારા ગિફટપ્લસ કાર્ડનો ઉપયોગ

5.1 કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે:

(એ) ગિફ્ટપ્લસ કાર્ડ ફક્ત ભારતમાં અને ફક્ત ભારતીય રૂપિયામાં જરૂરી ચુકવણીઓ કરવા માટે માન્ય છે;

(બી) ગિફ્ટપ્લસ કાર્ડને ટ્રાન્સફર કરવું સખત પ્રતિબંધિત અને તે એચડીએફસી બેંકની મિલકત છે;

(સી) કાર્ડધારક કોઈપણ સમયે ઉપલબ્ધ કાર્ડ બેલેન્સની હદ સુધી જ ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ કરી શકશે;

(ડી) ગિફ્ટપ્લસ કાર્ડના સંદર્ભમાં રિલોડનો કોઈપણ વિકલ્પ ઉપલબ્ધ નથી;

(ઈ) ગિફ્ટપ્લસ કાર્ડ પર કોઈ રોકડ ઉપાડની મંજૂરી આપવામાં નહીં આવે;

(એફ) કાર્ડ બેલેન્સ પર એચડીએફસી બેંક દ્વારા કોઈ વ્યાજ ચૂકવવામાં નહીં આવે;

(જી) કાર્ડધારક અને અરજદાર લાગુ પડતા તમામ કાયદાનું પાલન કરશે.

5.2 ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ આ નિયમો અને શરતો અને ગિફ્ટપ્લસ કાર્ડના સંબંધમાં એચડીએફસી બેંક દ્વારા સમયાંતરે આપવામાં આવતી તમામ નીતિઓ, માર્ગદર્શિકા અને સૂચનાઓ દ્વારા સંચાલિત થશે. કાર્ડધારક દરેક વખતે જ્યારે વ્યવહાર કરવા માટે ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ કરે છે, ત્યારે કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે કાર્ડ બેલેન્સ વ્યવહારના મૂલ્ય મુજબ ઘટી જશે. કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે અહીં વિપરીત કંઈપણ હોવા છતાં, એચડીએફસી બેંક, તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, કોઈપણ કારણ આપ્યા વિના વ્યવહાર પૂર્ણ કરવા માટે પૂરતી કાર્ડ બેલેન્સ હોવા છતાં, ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ કરીને કરવામાં આવતા કોઈપણ વ્યવહારને પૂર્ણ કરવાનો ઇનકાર કરી શકે છે.

5.3 કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે ગિફ્ટપ્લસ કાર્ડ પર દરેક વ્યવહાર કરવા અને પ્રમાણિત કરવા માટે ગિફ્ટપ્લસ કાર્ડના સંદર્ભમાં આપવામાં આવેલ વ્યવહાર વિશિષ્ટ પર્સનલ આઇડેન્ટિફિકેશન નંબર ("પિન") દાખલ કરવો જરૂરી છે. પિન ફક્ત કાર્ડધારકને જ આપવામાં આવશે. કાર્ડધારકે પિન ગોપનીય અને સુરક્ષિત રાખવાનો રહેશે અને તેને એચડીએફસી બેંકના કોઈપણ કર્મચારીઓ અને પ્રતિનિધિઓ સહીત કોઈપણ વ્યક્તિને જાહેર કરવાનો રહેશે નહીં. જો કાર્ડધારક દ્વારા કોઈપણ અન્ય વ્યક્તિને પિન જાહેર કરવાથી અને/અથવા પિન મેળવનાર વ્યક્તિ દ્વારા ગિફ્ટપ્લસ કાર્ડનો દુરુપયોગ કરવાના પરિણામે કાર્ડધારકને કોઈ નુકસાન થવા પર, એચડીએફસી બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે, કોઈપણ સમયે, એચડીએફસી બેંક કાર્ડધારકને વ્યવહારોને પ્રમાણિત કરવા માટે અન્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનું કહી શકે છે અને કાર્ડધારક એચડીએફસી બેંકને આ સંદર્ભમાં જરૂરી હોય તેવા તમામ કાર્યો, કાર્યો અને વસ્તુઓ કરવા માટે બાંયધરી અને સમંતિ આપે છે.

5.4 અહીં વિપરીત કંઈપણ હોવા છતાં, કાર્ડધારક સંમત થાય છે અને સ્વીકારે છે કે ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ લાગુ કાયદા હેઠળ માન્ય ન હોય તેવા કોઈપણ વ્યવહાર કરવા માટે કરવામાં નહીં આવે.

5.5 કાર્ડધારકે નીચેની બાબતોની ખાતરી કરવી જોઈએ:

(એ) ગિફ્ટપ્લસ કાર્ડ સુરક્ષિત જગ્યાએ રાખવામાં આવ્યું છે;

(બી) ગિફ્ટપ્લસ કાર્ડના ઉપયોગની મંજૂરી અન્ય કોઈ વ્યક્તિને આપવામાં નથી આવતી;

(સી) ગિફ્ટપ્લસ કાર્ડ પ્રાપ્ત થયા પછી તરત જ તેની પાછળની બાજુ સહી કરવામાં આવે છે;

(ડી) પિન ક્યારેય કોઈ વ્યક્તિને આપવામાં નથી આવતો અથવા જ્યાં કોઈ અન્ય વ્યક્તિ શોધી શકે ત્યાં લખવામાં આવતો નથી;

(ઈ) કાર્ડધારકને ગિફ્ટપ્લસ કાર્ડ / પિન (ઓ) આપ્યા પછી, ગિફ્ટપ્લસ કાર્ડ પરના કોઈપણ દુરુપયોગની જવાબદારી કાર્ડધારકની રહેશે, એચડીએફસી બેંકની નહીં.

5.6 કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે એચડીએફસી બેંક, સમય-સમય પર, તેની આંતરિક નીતિ અનુસાર, કોઈપણ ચોક્કસ દિવસે અથવા વારંવાર થઇ શકે તેવા વ્યવહારોની રકમ પર નાણાકીય મર્યાદા/મર્યાદા નક્કી કરી શકે છે. કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે એચડીએફસી બેંક કોઈપણ મર્યાદા, આવી મર્યાદા કાર્ડધારકને અગાઉ જણાવવામાં આવી હોય કે ન હોય, ઓળંગાઈ ગયા પછી કોઈપણ વ્યવહાર પર પ્રક્રિયા કરવાનો ઇનકાર કરવાનો અધિકાર ધરાવે છે. કાર્ડધારક એચડીએફસી બેંક દ્વારા સમય-સમય પર માંગવામાં આવતી જરૂરી વિગતો પ્રદાન કરીને લાભાર્થીઓની નોંધણી પણ કરાવી શકે છે અને એચડીએફસી બેંક દ્વારા સમય-સમય પર નિર્ધારિત રીતે ગિફ્ટપ્લસ કાર્ડ પર, લાગુ કાયદા અને એચડીએફસી બેંકની આંતરિક નીતિઓ અને પ્રક્રિયાઓને આધીન, પૈસા ટ્રાન્સફર કરવા માટે તેમની પોતાની મર્યાદા સેટ કરી શકે છે.

5.7 એક જ વ્યવહાર દ્વારા હોય કે પછી વિવિધ વ્યવહારો દ્વારા, કાર્ડધારકને ઉપલબ્ધ કાર્ડ બેલેન્સને ઓળંગવાની મંજૂરી નથી. કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે જો કાર્ડધારક, ચૂકવવાપાત્ર રકમ કાર્ડ બેલેન્સથી વધુ હોય તેવો કોઈ વ્યવહાર કરવાનો પ્રયાસ કરે છે, તો તે આમ કરી શકશે નહીં. કોઈપણ સંજોગોમાં, જો કોઈ કારણસર, કોઈ વ્યવહાર સ્વીકારવામાં આવે છે જ્યાં રકમ કાર્ડ બેલેન્સ કરતાં વધી જાય છે અને પરિણામે કાર્ડ બેલેન્સ નેગેટિવ થઇ જાય છે, તો કાર્ડધારક કાર્ડની આવી નેગેટિવ બેલેન્સની રકમ માટે એચડીએફસી બેંકને સંપૂર્ણપણે જવાબદાર રહેશે અને એચડીએફસી બેંક દ્વારા સમય સમય પર,કાર્ડ બેલેન્સ નેગેટિવ થવાની તારીખથી આવા નાણાંની વાસ્તવિક ચુકવણીની તારીખ સુધી, એચડીએફસી બેંકને વ્યાજ સહીત તાત્કાલિક ચુકવણી કરશે.

5.8 કોઈપણ વ્યવહાર એ વાતનો નિર્ણાયક પુરાવો હશે કે આવા વ્યવહાર માટે નોંધાયેલ શુલ્ક ખરેખર કાર્ડધારકે ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ કરીને વસુલવામાં આવ્યા હતા.

5.9 કાર્ડધારકે ખાતરી કરવી જોઈએ કે ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ દરેક ખરીદી માટે વેપારીના સ્થળે માત્ર એક જ વાર થાય. વેપારીના સ્થળેથી મળેલ કોઈપણ શુલ્ક અથવા અન્ય ચુકવણીની માંગણી એ નિર્ણાયક પુરાવો હશે કે નોંધાયેલ શુલ્ક માત્ર કાર્ડધારક દ્વારા યોગ્ય રીતે વસૂલવામાં આવ્યો હતો, સિવાય કે જ્યાં ગિફ્ટપ્લસ કાર્ડ ખોવાઈ ગયું હોય, ચોરાઈ ગયું હોય અથવા તેનો કપટથી દુરુપયોગ કરવામાં આવ્યો હોય, જેના પુરાવાનો બોજ કાર્ડધારક પર રહેશે.

5.10 વેપારી/ઉપકરણમાં કોઈપણ ભૂલ અથવા સંદેશાવ્યવહારની લિંકમાં ભૂલને કારણે થયેલા તમામ રિફંડ અને સમાયોજન મેન્યુઅલી કરવામાં આવશે અને યોગ્ય ચકાસણી પછી અને લાગુ પડતા સંબંધિત કાર્ડ નેટવર્કના નિયમો અને વિનિયમો અનુસાર ખાતામાં જમા કરવામાં આવશે. કાર્ડધારક સંમત થાય છે કે આ સમય દરમિયાન પ્રાપ્ત થયેલ કોઈપણ ડેબિટ આ રિફંડને ધ્યાનમાં લીધા વિના ફક્ત ગિફ્ટપ્લસ કાર્ડમાં ઉપલબ્ધ બેલેન્સના આધારે જ માન્ય કરવામાં આવશે.

5.11 ગિફ્ટપ્લસ કાર્ડની બેલેન્સ અને ગિફ્ટપ્લસ કાર્ડના ઇતિહાસ સંબંધિત માહિતી લોગીન કર્યા પછી એચડીએફસી બેંકની વેબસાઇટ પર ઓનલાઈન જોઈ શકાય છે અથવા ગ્રાહક સેવા કેન્દ્ર, જેની વિગતો ગિફ્ટપ્લસ કાર્ડની પાછળ આપેલી છે, પર ફોન કરીને/લેખીને મેળવી શકાય છે.

5.12 કાર્ડધારક દ્વારા પ્રાપ્ત થતા માલ અને સેવાઓની ગુણવત્તા, મૂલ્ય વોરંટી, ડિલિવરીમાં વિલંબ, ડિલિવરી ન થવી, કોઈપણ માલ અથવા સેવાઓની પ્રાપ્તિ ન થવી વગેરે સંબંધિત કોઈપણ વિવાદો માટે એચડીએફસી બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. એ સ્પષ્ટ છે કે ગિફ્ટપ્લસ કાર્ડ એ કાર્ડધારકને સુવિધાઓ મેળવવા માટે મદદરૂપ થતી માત્ર એક સુવિધા છે અને એચડીએફસી બેંક

ગુણવત્તા, જથ્થો, મૂલ્ય, ડિલિવરી અથવા અન્યથા, માલ અથવા સેવાઓ સંબંધિત કોઈ વોરંટી આપતી નથી અથવા રજૂઆત કરતી નથી અને આવા કોઈપણ વિવાદોનો ઉકેલ કાર્ડધારે સીધો દ્વારા વેપારી સાથે જ લાવવો જોઈએ..

6. ગિફ્ટપ્લસ કાર્ડ ખોવાઈ જવું અથવા ચોરાઈ જવું

જો ગિફ્ટપ્લસ કાર્ડ ખોવાઈ જાય અથવા ચોરાઈ જાય, તો કાર્ડધારકે તાત્કાલિક કૅસ્ટમર કેરને ટેલિફોન પર કાર્ડ ખોવાઈ જવાની / ચોરાઈ જવાની જાણ કરવાની રહેશે. આવી કોઈપણ સૂચના પ્રાપ્ત થયા પછી, એચડીએફસી બેંક, કામકાજના દિવસે, કામકાજના કલાકો દરમિયાન, કાર્ડધારકની પૂરતી ચકાસણી કર્યા પછી, ગિફ્ટપ્લસ કાર્ડને હોટલિસ્ટ/રદ/સસ્પેન્ડ/બ્લોક કરશે અને તેના સંબંધમાં બધી સુવિધાઓ સમાપ્ત કરશે અને આ સંદર્ભમાં કાર્ડધારકને થતી કોઈપણ અસુવિધા માટે જવાબદાર રહેશે નહીં. ગિફ્ટપ્લસ કાર્ડ ખોવાઈ જવા/ચોરાઈ જવાની જાણ ન થાય ત્યાં સુધી ગિફ્ટપ્લસ કાર્ડ પર લાગતા તમામ શુલ્ક માટે કાર્ડધારક જવાબદાર રહેશે. વધુમાં, જો એચડીએફસી બેંક નક્કી કરે છે કે ઉપરોક્ત પગલાંનું પાલન કરવામાં આવ્યું નથી, તો ખોવાયેલા અથવા ચોરાયેલા ગિફ્ટપ્લસ કાર્ડ અંગેની નાણાકીય જવાબદારી સંપૂર્ણપણે કાર્ડધારકની રહેશે. ગિફ્ટપ્લસ કાર્ડ પર કરવામાં આવેલા વ્યવહાર(ઓ) ની જાણ કરવાના સમય અથવા ખોવાયેલા/ચોરાયેલા ગિફ્ટપ્લસ કાર્ડ સંબંધિત કોઈપણ અન્ય બાબત સંબંધિત કોઈપણ વિવાદના કિસ્સામાં, એચડીએફસી બેંકનો નિર્ણય કાર્ડધારક માટે નિર્ણાયક અને બંધનકર્તા રહેશે.

7. ગિફ્ટપ્લસ કાર્ડ સોંપી દેવું

7.1 કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે એચડીએફસી બેંકને, આવા ગિફ્ટપ્લસ કાર્ડની માન્યતા અવધિ સમાપ્ત થાય તે પહેલાં પણ કોઈપણ સમયે ગિફ્ટપ્લસ કાર્ડ પરત માંગવાનો અધિકાર રહેશે. કાર્ડધારકે, આવી માંગણી કરવામાં આવે ત્યારે, એચડીએફસી બેંક દ્વારા આ સંદર્ભમાં આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર સંબંધિત ગિફ્ટપ્લસ કાર્ડ સોંપવાનું રહેશે.

7.2 કોઈપણ કાર્ડધારકના મૃત્યુના કિસ્સામાં, એચડીએફસી બેંકને તે સૂચના પ્રાપ્ત થયા પછી તે ગિફ્ટપ્લસ કાર્ડને રદ કરશે.

8. માન્યતા

8.1 નીચે આપેલા ફકરા 8.2 ને આધીન, ગિફ્ટપ્લસ કાર્ડ્સ, તેના આગળના ભાગે ઉલ્લેખિત સમયગાળા સુધી અથવા સમય સમય પર લાગુ કાયદા હેઠળ નિર્ધારિત અન્ય સમયગાળા સુધી માન્ય રહેશે.

8.2 અહીં સમાવિષ્ટ કંઈપણ વિપરીત હોવા છતાં, એચડીએફસી બેંક કોઈપણ સમયે, કાર્ડધારક અને/અથવા અરજદારને સૂચના આપીને અથવા સૂચના આપ્યા વિના, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, ગિફ્ટપ્લસ કાર્ડને રદ્દ/નિષ્ક્રિય કરવાનો અધિકાર ધરાવે છે.

8.3 કાર્ડધારકને વિનંતી કરવામાં આવે ત્યારે તે એચડીએફસી બેંક અથવા તેના પ્રતિનિધિને ગિફ્ટપ્લસ કાર્ડ સોંપવા અને આવા ગિફ્ટપ્લસ કાર્ડને રદ્દ/નિષ્ક્રિય કર્યા પછી ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ અથવા ઉપયોગ કરવાનો પ્રયાસ ન કરવા માટે સંમત થાય છે.

8.4 કાર્ડધારક, કોઈપણ સમયે, કસ્ટમર કેરનો સંપર્ક કરીને અને આ સંદર્ભમાં એચડીએફસી બેંકની નીતિઓ અને માર્ગદર્શિકા અનુસાર જરૂરી દસ્તાવેજો રજૂ કરીને ગિફ્ટપ્લસ કાર્ડને નિષ્ક્રિય કરવા માટે વિનંતી કરી શકે છે. કાર્ડધારક એ ખાતા/પ્રીપેઇડ સાધનોની વિગતો પણ પ્રદાન કરી શકે છે કે જેમાં એચડીએફસી બેંક, આવા નિષ્ક્રિયકરણ/ રદ્દીકરણ પર કાર્ડ બેલેન્સનું ટ્રાન્સફર કરી શકે છે, જો કે

આવા ટ્રાન્સફર લાગુ કાયદા અને એચડીએફસી બેંકની આંતરિક નીતિઓ અને પ્રક્રિયાઓનું પાલન કરીને કરવામાં આવશે.

8.5 કાર્ડધારક સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે દાવો ન કરાયેલી કોઈપણ રકમ ભારતીય રિઝર્વ બેંકની માર્ગદર્શિકા અનુસાર ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ યોજનામાં ટ્રાન્સફર કરવામાં આવશે.

9. સ્ટેટમેન્ટ અને રેકોર્ડ

9.1 એચડીએફસી બેંક દ્વારા ગિફ્ટપ્લસ કાર્ડ / વ્યવહારો (આ નિયમો અને શરતો અનુસાર કરવામાં આવેલી અથવા પ્રાપ્ત થયેલી, મર્યાદા વિનાની ચુકવણીઓની વિગતો સહિત) ના સંદર્ભમાં ઇલેક્ટ્રોનિક અથવા દસ્તાવેજી સ્વરૂપમાં જાળવવામાં આવેલા બધા રેકોર્ડ, કાર્ડધારક અને અરજદાર વિરુદ્ધ નિર્ણાયક પુરાવા માનવામાં આવશે.

9.2 કોઈપણ વ્યવહારના સંદર્ભમાં કોઈપણ કાર્ડધારકને ટ્રાન્ઝેક્શન સ્લિપ અને/અથવા ગિફ્ટપ્લસ કાર્ડના સંદર્ભમાં કોઈપણ સ્ટેટમેન્ટની નકલ પ્રદાન કરવાની જવાબદારી એચડીએફસી બેંકની નહીં રહે અને કાર્ડધારક ફક્ત કાર્ડધારક દ્વારા એચડીએફસી બેંકમાં નોંધાયેલા મોબાઇલ નંબર પર શોર્ટ મેસેજ સર્વિસ દ્વારા / એચડીએફસી બેંકમાં કાર્ડધારક દ્વારા નોંધાયેલા ઈ-મેલ એડ્રેસ પર ઇલેક્ટ્રોનિક મેઇલ દ્વારા ચેતવણીઓ પ્રાપ્ત કરશે.

9.3 કાર્ડધારક આથી સંમત થાય છે કે ગિફ્ટપ્લસ કાર્ડ્સના સંદર્ભમાં કાર્ડધારકને મોકલવામાં આવતા ભૌતિક સ્ટેટમેન્ટ એચડીએફસી બેંક દ્વારા એચડીએફસી બેંકમાં કાર્ડધારક દ્વારા નોંધાયેલા ઈ-મેલ એડ્રેસ પર પૂરા પાડવામાં આવશે. કાર્ડધારક સમજે છે કે ઈ-મેલ સ્ટેટમેન્ટ્સ કાર્ડધારકની સુવિધા માટે છે. ટમેન્ટ્સ નોંધાયેલ ઈમેલ આઈડી પર મોકલવામાં આવી રહ્યા હોવાથી એચડીએફસી બેંક ગોપનીયતાના કોઈપણ ભંગ માટે જવાબદાર રહેશે નહીં. કાર્ડધારક પ્રાપ્ત થયેલા ઈ-મેલની અધિકૃતતા ચકાસશે. કાર્ડધારક અને/અથવા અરજદાર છેતરપિંડી કરનારાઓ તરફથી પ્રાપ્ત થયેલા કોઈપણ સ્ટેટમેન્ટ માટે એચડીએફસી બેંકને જવાબદાર ઠેરવશે નહીં. એચડીએફસી બેંક તરફથી સ્ટેટમેન્ટ્સ પ્રાપ્ત થવાને કારણે કાર્ડધારકના કમ્પ્યુટર નેટવર્કમાં કોઈ સમસ્યા ઊભી થવા પર કાર્ડધારક અને/અથવા અરજદાર એચડીએફસી બેંકને જવાબદાર ઠેરવશે નહીં. જો એચડીએફસી બેંકને આપવામાં આવેલી માહિતીમાં કોઈ ફેરફાર થાય તો કાર્ડધારક એચડીએફસી બેંકને લેખિતમાં જાણ કરશે. જો ખોટા ઈમેલ એડ્રેસ અને ટેકનિકલ કારણોસર કાર્ડધારકને સ્ટેટમેન્ટ ન મળે તો એચડીએફસી બેંક જવાબદાર રહેશે નહીં.

10. ક્ષતિપૂર્તિ

એચડીએફસી બેંક દ્વારા કાર્ડધારકને ગિફ્ટપ્લસ કાર્ડ પૂરું પાડવાની વિચારણા હેઠળ, કાર્ડધારક સ્પષ્ટપણે એચડીએફસી બેંક અને તેના અધિકારીઓ, ડિરેક્ટરો, કર્મચારીઓ, શેરધારકો, એજન્ટો, સલાહકારો અને અન્ય પ્રતિનિધિઓને, એચડીએફસી બેંક અને તેના અધિકારીઓ, ડિરેક્ટરો, કર્મચારીઓ, શેરધારકો, એજન્ટો, સલાહકારો અને અન્ય પ્રતિનિધિઓ, કોઈપણ સમયે, નીચે આપેલ કિસ્સાઓમાં ગિફ્ટપ્લસ કાર્ડ્સ પ્રદાન કરવાના પરિણામે, અથવા તેના કારણે અથવા તેનાથી ઉદ્ભવતા, તેમના દ્વારા ભોગવેલી, સહન કરવામાં આવેલી અથવા વહન કરવામાં આવેલી કોઈપણ પ્રકારની કાર્યવાહી, દાવાઓ, માંગણીઓ, કાર્યવાહી, નુકસાન, વ્યક્તિગત ઈજા, લાગત, શુલ્ક અને ખર્ચાઓ વિરુદ્ધ નુકસાન ભરપાઈ કરવા, બચાવ કરવા અને જવાબદાર ન ઠરાવવા સંમત થાય છે: (એ)

કાર્ડધારક અને/અથવા અરજદારની બેદરકારી, ભૂલ અથવા ગેરવર્તણૂક; (બી) કાર્ડધારક અને/અથવા અરજદાર દ્વારા આ નિયમો અને શરતો અથવા કોઈપણ લાગુ કાયદાનો ભંગ અથવા પાલન ન કરવું; (સી) ગિફ્ટપ્લસ કાર્ડ જારી કરવા/ઉપયોગ કરવા અને/અથવા કોઈપણ વ્યવહારના સંબંધમાં અથવા તેના સંબંધમાં એચડીએફસી બેંક સામે કોઈપણ તૃતીય પક્ષ દ્વારા કરવામાં આવેલ કોઈપણ દાવો અથવા કાર્યવાહી; (ડી) કાર્ડધારક અને/અથવા અરજદારની સૂચના પર એચડીએફસી બેંક, તેના અધિકારીઓ, કર્મચારીઓ અથવા એજન્ટો દ્વારા કરવામાં આવેલ અથવા કરવામાં આવતી કોઈપણ કાર્યવાહી અવગણવામાં આવી હોય; અને/અથવા (ઈ) કાર્ડધારક દ્વારા કોઈપણ વ્યવહાર સંબંધિત છેતરપિંડી અથવા બેઈમાની.

11. જવાબદારીમાંથી બાકાત રાખવું

આ નિયમો અને શરતોની કોઈપણ અન્ય જોગવાઈઓ પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, એચડીએફસી બેંક કાર્ડધારક અને/અથવા અરજદારને આ નિયમો અને શરતોના સંબંધમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, મર્યાદા વિના, નીચે આપેલ નુકસાન અથવા હાનિ સહિત થયેલા કોઈપણ નુકસાન અથવા હાનિ માટે જવાબદાર રહેશે નહીં: (એ) કોઈપણ વ્યક્તિ દ્વારા ગિફ્ટપ્લસ કાર્ડ સ્વીકારવાનો ઇનકાર; (બી) ગિફ્ટપ્લસ કાર્ડ સોંપતી વખતે કાર્ડધારક અથવા અરજદાર દ્વારા એચડીએફસી બેંકના પ્રતિનિધિ સિવાય અન્ય કોઈપણ વ્યક્તિને ગિફ્ટપ્લસ કાર્ડ સોંપવું; અને/અથવા (સી) કાર્ડધારક દ્વારા ગિફ્ટપ્લસ કાર્ડનું ઍક્સેસ અને/અથવા ઉપયોગ રોકી દેવું અથવા અવરોધવું.

12. શુલ્ક

12.1 એચડીએફસી બેંક, એચડીએફસી બેંકની વેબસાઇટ પર સમયાંતરે કાર્ડધારક અને અરજદાર પાસેથી એચડીએફસી બેંક દ્વારા નક્કી કરવામાં આવેલ શુલ્ક મુજબ ગિફ્ટપ્લસ કાર્ડના ઉપયોગ માટે ફી અને અન્ય શુલ્ક વસૂલવા માટે હકદાર રહેશે. કાર્ડધારક અને અરજદાર આ દ્વારા આવા શુલ્ક ચૂકવવા માટે સંમત થાય છે.

12.2 ગિફ્ટપ્લસ કાર્ડના ઉપયોગના પરિણામે ચૂકવવાપાત્ર કોઈપણ સરકારી શુલ્ક, વેરો, ડેબિટ અથવા કર ફક્ત કાર્ડધારક/ અરજદાર દ્વારા જ ચુકવવામાં આવશે અને જો તે એચડીએફસી બેંક પર (પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે) લાદવામાં આવે છે, તો કાર્ડધારક/ અરજદાર આ દ્વારા આવા શુલ્ક ચૂકવવા માટે સંમત થાય છે.

12.3 ગિફ્ટપ્લસ કાર્ડ અને તેના ઉપયોગના સંદર્ભમાં ચૂકવવાપાત્ર ફી, શુલ્ક, વેરા અથવા કર ચૂકવવાની કાર્ડધારક/અરજદારની જવાબદારીને પૂર્વગ્રહ રાખ્યા વિના, એચડીએફસી બેંક કાર્ડધારક/અરજદાર પાસેથી, ઉપરોક્ત કલમ 12.1 અને કલમ 12.2 મુજબ ઉપલબ્ધ કાર્ડ બેલેન્સ ડેબિટ કરીને અને/અથવા કાર્ડધારક/અરજદારના ખાતા અને/અથવા અન્ય કોઈપણ ખાતામાંથી બાકી રકમ ડેબિટ કરીને ચૂકવવાપાત્ર રકમ સહીત એચડીએફસી બેંકને બાકી રહેલી બધી રકમ વસૂલ કરવા માટે હકદાર રહેશે.

13. વિવાદો

13.1 એચડીએફસી બેંક કોઈપણ રીતે ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ કરીને કાર્ડધારક દ્વારા ખરીદેલા માલ અને સેવાઓની ગુણવત્તા, મૂલ્ય, વોરંટી, ડિલિવરીમાં વિલંબ, ડિલિવરી ન થવી, કોઈપણ માલ અથવા સેવાઓની પ્રાપ્તિ ન થવી જેવા કોઈપણ વિવાદ માટે જવાબદાર રહેશે નહીં. ગિફ્ટપ્લસ કાર્ડ એ

કાર્ડધારક માટે વેપારીઓને ચુકવણી કરવા માટે ઉપલબ્ધ એક માધ્યમ છે અને કાર્ડધારક દ્વારા ખરીદેલા માલ અથવા સેવાઓ સંબંધિત કોઈપણ કારણોસર ઉદ્ભવતા કોઈપણ વિવાદોનું નિરાકરણ કાર્ડધારક દ્વારા વેપારી સાથે પ્રત્યક્ષ રીતે જ કરવું જોઈએ અને એચડીએફસી બેંકની તેના સંદર્ભમાં કોઈ જવાબદારી કે ફરજ રહેશે નહીં.

13.2 એચડીએફસી બેંક કાર્ડધારક અને અરજદાર પ્રત્યે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નીચે મુજબ ઉદ્ભવતા કોઈપણ નુકસાન કે હાનિ માટે જવાબદાર રહેશે નહીં: (એ) કાર્ડધારક/અરજદારના મોબાઇલ ફોન નંબરનો કોઈપણ અનધિકૃત ઉપયોગ; (બી) એચડીએફસી બેંક દ્વારા તમામ અથવા કોઈપણ ચેતવણી પર કાર્યવાહી કરવામાં કોઈપણ ભૂલ, ડિફોલ્ટ, વિલંબ અથવા અસમર્થતા; (સી) ટ્રાન્સમિશનમાં કોઈપણ માહિતી/સૂચનો/ચેતવણીઓ પહોંચવામાં ભૂલ; (ડી) કોઈપણ અન્ય વ્યક્તિ દ્વારા કોઈપણ અનધિકૃત ઍક્સેસ અથવા કાર્ડધારક/અરજદાર દ્વારા આપવામાં આવેલી કોઈપણ માહિતી/સૂચના અથવા ગોપનીયતાનો ભંગ.

13.3 જો કોઈ પણ વ્યવહારમાં કોઈ અનિયમિતતા કે વિસંગતતા હોય અથવા કાર્ડધારકને વ્યવહાર સંબંધી કોઈ પ્રશ્ન કે ફરિયાદ હોય, તો કાર્ડધારકે કોઈપણ વ્યવહાર થયાના 45 (પસ્તાલીસ) દિવસની અંદર કૅસ્ટમર કેરનો સંપર્ક કરીને એચડીએફસી બેંકને જાણ કરવી જોઈએ. જો એચડીએફસી બેંકને કોઈપણ વ્યવહાર થયાના 45 (પસ્તાલીસ) દિવસની અંદર કોઈ વિપરીત માહિતી પ્રાપ્ત ન થાય, તો તેને એ માની લેવા અને આ આધારે આગળ વધવાનો અધિકાર રહેશે કે સંબંધિત વ્યવહાર(ઓ) કોઈપણ અનિયમિતતા/વિસંગતતા વિના કરવામાં આવ્યો હતો.

13.4 આ નિયમો અને શરતોના સંદર્ભમાં કાર્ડધારક દ્વારા કરવામાં આવેલી કોઈપણ ફરિયાદ/પ્રશ્નના સંદર્ભમાં, કાર્ડધારકે એચડીએફસી બેંકને આ સંદર્ભમાં જરૂરી બધી માહિતી અને દસ્તાવેજો તાત્કાલિક એચડીએફસી બેંકને પ્રદાન કરવા પડશે.

13.5 કૃપા કરીને યાદ રાખો કે એચડીએફસી બેંક તેના ગ્રાહકો પાસેથી કોઈપણ ગોપનીય માહિતી માંગતી નથી, અને તેથી કાર્ડધારક અને/અથવા અરજદારે પાસવર્ડ, યુઝર-આઈડી વગેરે જેવી ગોપનીય પ્રકૃતિની કોઈપણ માહિતી, તેની માંગ કરતી કોઈપણ વ્યક્તિને આપવી જોઈએ નહીં. અમારી ફરિયાદની પ્રક્રિયા અંગે સંપૂર્ણ વિગતો માટે, કૃપા કરીને એચડીએફસી બેંકની વેબસાઇટનો સંદર્ભ લો.

14. માહિતી જાહેર કરવા માટે સ્પષ્ટ સંમતિ/ માફી

14.1 કાર્ડધારક આ દ્વારા એચડીએફસી બેંક અને/અથવા તેના સહયોગીઓને કાર્ડધારકના કાર્યાલય/નિવાસસ્થાને કોઈપણ માહિતી ચકાસવા અથવા સભ્યપદની આવશ્યકતાઓની પુષ્ટિ કરવા અથવા કાર્ડધારકના ખાતાને સારી ક્રેડિટ સ્થિતિમાં જાળવવા માટે જરૂરી કોઈપણ માહિતી મેળવવા અથવા પૂરી પાડવા માટે કાર્ડધારક/કાર્ડધારકના નોકરીદાતા/બેંકર/ક્રેડિટ બ્યુરો/રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અથવા અન્ય કોઈપણ સ્ત્રોતનો સંપર્ક કરવા માટે અધિકૃત કરે છે.

14.2 અહીં વિપરીત કંઈપણ હોવા છતાં, કાર્ડધારક આથી સ્પષ્ટપણે HDFC બેંકને (પોતે અથવા તેના કોઈપણ સેવા પ્રદાતાઓ દ્વારા કાર્ય કરતી વખતે, અને સ્વચાલિત રીતે અથવા અન્યથા) કાર્ડધારકના સંબંધમાં કોઈપણ માહિતીના સંબંધમાં, કાર્ડધારક દ્વારા રજૂ કરાયેલા/અમલમાં મુકાયેલા દસ્તાવેજોમાં સમાવિષ્ટ કોઈપણ માહિતી અને/અથવા કાર્ડધારક અને એચડીએફસી બેંક દ્વારા હાલમાં અથવા પછી એકત્રિત કરાયેલ ગિફ્ટપ્લસ કાર્ડના ઉપયોગને લગતી કોઈપણ અન્ય માહિતી, કાર્ડધારક વિશેનો કોઈપણ વ્યક્તિગત ડેટા અને સંવેદનશીલ માહિતી, તમારા ગ્રાહકને ઓળખવા

સંબંધિત માહિતી, દસ્તાવેજ અને ડેટા, ક્રેડિટ માહિતી, અને કાર્ડધારક વિશેની કોઈપણ અન્ય માહિતી (સામૂહિક રીતે, "માહિતી") સંબંધિત નીચે મુજબ કંઈપણ કરવા અને હાથ ધરવા માટે સંમતિ આપે છે અને અધિકૃત કરે છે:

(એ) ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપની, વેબસાઇટ્સ, ડેટા બેઝ અને ઓનલાઈન પ્લેટફોર્મ (જાહેર હોય કે ન હોય) સહીત કાર્ડધારક અને અન્ય ભૌતિક અથવા ઓનલાઈન સ્ત્રોતોમાંથી માહિતી એકત્રિત કરવા, ઓનલાઈન ડેટા બેઝ સહીત કોઈપણ સ્ત્રોતો અને વ્યક્તિઓ પાસેથી માહિતીની પ્રમાણિકતા, ચોકસાઈ, પર્યાપ્તતા વગેરે ચકાસવા; અને કાર્ડધારકના લોગીન અને પાસવર્ડ ઓળખપત્રોનો ઉપયોગ કરીને ઓનલાઇન પ્લેટફોર્મ પર માહિતીની ઍક્સેસ, સંગ્રહ અથવા ચકાસણી માટે કાર્ડધારક વતી અને તેના વતી કાર્ય કરવા; કાર્ડધારકને કોઈપણ સૂચના આપ્યા વિના આવી માહિતી એકત્ર, ઍક્સેસ અને ચકાસણી કરી શકાય છે;

(બી) માહિતીની પ્રક્રિયા, જેમાં એચડીએફસી બેંક દ્વારા યોગ્ય લાગે તે રીતે સંગ્રહ, રચના, ગોઠવણી, પુનઃઉત્પાદન, નકલ, ઉપયોગ, પ્રોફાઇલિંગ વગેરેનો સમાવેશ થાય છે;

(સી) કાયદા હેઠળ અથવા એચડીએફસી બેંકના પુરાવા અને દાવાઓના હેતુઓ માટે, જે પણ લાંબો હોય તે સમયગાળા માટે કરાર માટે જરૂરી હોય તે સમયગાળા માટે માહિતી સંગ્રહિત કરવી;

(ડી) કાર્ડધારકને સૂચના આપ્યા વિના, એચડીએફસી બેંક યોગ્ય ગણી શકે તેવા હેતુઓ માટે સમય સમય પર માહિતી કોઈપણ કાર્ડ જારીકર્તા, ક્રેડિટ બ્યુરો, બેંકો, નાણાકીય સંસ્થાઓ, કોઈપણ શાખા, પેરેન્ટ/પેટાકંપની, સંલગ્ન કંપનીઓ, એચડીએફસી બેંકની જૂથ કંપનીઓ અને સહયોગીઓ, સરકારી/નિયમનકારી સત્તાધિકારી, સેવા પ્રદાતા, વ્યવસાયિક સંવાદદાતા, એજન્ટ અથવા તૃતીય પક્ષ પેટા-કોન્ટ્રાક્ટર, સલાહકારો, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ, નિયમનકારો, તપાસ કરનાર એજન્સીઓ, ન્યાયિક, અર્ધ-ન્યાયિક અને વૈધાનિક સત્તાધિકારીઓ સહિત અન્ય કોઈપણ વ્યક્તિને જાહેર કરવી, આપ-લે કરવી, શેર કરવો અથવા પ્રદાન કરવી. કાર્ડધારક આ દ્વારા ગોપનીયતાનો વિશેષાધિકાર જતો કરે છે.

14.3 કાર્ડધારક આ દ્વારા એચડીએફસી બેંકને ફરિયાદ સંબંધિત વાતચીત અથવા ચુકવણીની વસૂલાત સંબંધિત વાતચીતો અથવા એચડીએફસી બેંક યોગ્ય માને તેવી કોઈપણ અન્ય વાતચીતના કિસ્સામાં, કાર્ડધારક અથવા કાર્ડધારકના પ્રતિનિધિ અને એચડીએફસી બેંકના પ્રતિનિધિ વચ્ચે થયેલી વાતચીતો રેકોર્ડ કરવાનો અધિકાર આપે છે.

14.4 કાર્ડધારક આ દ્વારા એચડીએફસી બેંક અને/અથવા તેના એજન્ટો પાસેથી ટેલિફોન/મોબાઇલ/શોર્ટ મેસેજ સર્વિસ/ઈ-મેલ અથવા અન્ય કોઈપણ માધ્યમ દ્વારા માર્કેટિંગ/ક્રોસ-સેલિંગ હેતુઓ માટે માહિતી/સેવા પ્રાપ્ત કરવા માટે સંમતિ આપે છે. કાર્ડધારક સમજે છે કે જો તે હાલમાં તેના દ્વારા લાભ લેવામાં ન આવતો હોય તેવા ઉત્પાદનો અને સેવાઓ પર ટેલિફોન કોલ્સ/ઈમેલ/શોર્ટ મેસેજ સર્વિસ દ્વારા પ્રમોશનલ માહિતી પ્રાપ્ત કરવા માંગતો નથી, તો તે એચડીએફસી બેંકની વેબસાઇટ દ્વારા અથવા ફોન બેંકિંગ અથવા એચડીએફસી બેંક દ્વારા પ્રદાન કરવામાં આવતા અન્ય માધ્યમો દ્વારા "ડુ નોટ કોલ" સેવા માટે નોંધણી કરાવી શકે છે. કાર્ડધારક સંમત થાય છે કે આ સેવા, કાર્ડધારક/બેંકિંગ સંબંધોને મૂલ્યવર્ધિત અને વધુ અનુકૂળ બનાવવા માટે તૈયાર કરવામાં આવેલ વિવિધ નાણાકીય ઉકેલોના ફાયદાઓને સંપૂર્ણપણે સમજવામાં કાર્ડધારકને મદદ કરવા માટે કાર્ડધારક દ્વારા હાલમાં લાભ લેવામાં આવતા ઉત્પાદનો અને સેવાઓ સંબંધિત સલાહ અને માહિતી મેળવવા પર લાગુ નહીં પડે.

15. સંચાલિત કાયદો અને અધિકારક્ષેત્ર

આ નિયમો અને શરતોની રચના અને માન્યતા તમામ બાબતોમાં ભારતના કાયદા દ્વારા સંચાલિત થશે. કાર્ડધારક સંમત થાય છે કે આ નિયમો અને શરતોમાંથી ઉદ્ભવતા કોઈપણ કાનૂની પગલાંઓ અથવા કાર્યવાહી મુંબઈની અદાલતો અથવા ટ્રિબ્યુનલ સમક્ષ લાવવામાં આવશે અને તે અદાલત અથવા ન્યાયપંચના અધિકારક્ષેત્રમાં અટલ રીતે પોતાને રજૂ કરશે. જોકે, એચડીએફસી બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, કોઈપણ અન્ય અદાલત, ન્યાયપંચ અથવા અન્ય યોગ્ય મંચ સમક્ષ આ નિયમો અને શરતોમાંથી ઉદ્ભવતા કોઈપણ કાનૂની પગલાંઓ અથવા કાર્યવાહી શરૂ કરી શકે છે અને કાર્ડધારક આ દ્વારા આવા અધિકારક્ષેત્રને સંમતિ આપે છે અને કાર્ડધારકને આવા કોઈપણ કાનૂની પગલાંઓ અથવા કાર્યવાહીના સ્થળ સામે હાલમાં અથવા ભવિષ્યમાં કોઈપણ વાંધો હોય અને આવા કોઈપણ કાનૂની પગલાંઓ અથવા કાર્યવાહી અયોગ્ય મંચ સમક્ષ લાવવામાં આવી હોવાના કોઈપણ દાવાને માફ કરે છે.

16. પ્રતિદાવો અને પૂર્વાધિકાર

આ નિયમો અને શરતો અથવા અન્ય કોઈપણ દસ્તાવેજ/વ્યવસ્થામાં વિપરીત કંઈપણ હોવા છતાં: (એ) કાર્ડધારકની એચડીએફસી બેંક પ્રત્યેની વર્તમાન અને ભવિષ્યની જવાબદારીઓના સંદર્ભમાં, પછી ભલે તે આ દસ્તાવેજ હેઠળ હોય અથવા કોઈપણ અન્ય જવાબદારી/લોન/સુવિધાઓ/ઋણ/દસ્તાવેજ હેઠળ હોય, પછી ભલે તે જવાબદારીઓ સ્પષ્ટ હોય, વાસ્તવિક હોય કે આકસ્મિક, પ્રાથમિક હોય કે કોલેટરલ હોય કે અનેક અથવા સંયુક્ત રીતે અન્ય લોકો સાથે, મુખ્ય દેવાદાર તરીકે અને/અથવા બાંહેધરી આપનાર તરીકે અને/અથવા અન્યથા ગમે તે રીતે (સામૂહિક રીતે "જવાબદારીઓ") હોય, એચડીએફસી બેંક, કોઈપણ સામાન્ય પૂર્વાધિકાર અથવા બેંકર તરીકે લાગુ કાયદા, પ્રથા, પ્રણાલી અથવા અન્યથા દ્વારા બેન્કર તરીકેના સમાન અધિકાર ઉપરાંત, કાર્ડધારકના તમામ વર્તમાન અને ભવિષ્યના સ્ટોક્સ, શેર્સ, સિક્યોરિટીઝ, મિલકત, બુક ડેટ્સ, એચડીએફસી બેંક સાથે, એચડીએફસી બેંક સાથે, હાલમાં અથવા ભવિષ્યમાં, કાર્ડધારકની સમાન અથવા અલગ ક્ષમતામાં, અને અલગ અલગ રીતે અથવા અન્ય લોકો સાથે સંયુક્ત રીતે, કોઈપણ બેંકિંગ સંબંધ, સલામત કબ્જા, સંગ્રહ, અથવા અન્યથા ખોલવામાં આવેલા ચાલુ, બચત, ઓવરડ્રાફ્ટ, ફિક્સ્ડ અથવા અન્ય થાપણો સહીત બધા ખાતાઓમાંના તમામ નાણાં પર ચોક્કસ અને ખાસ પૂર્વાધિકાર ધરાવે છે અને (બી) અલગથી, એચડીએફસી બેંકને કાર્ડધારકને સૂચના આપ્યા વિના અને તેની સંમતિ વિના, ઉપરોક્ત (કોઈપણ વિશિષ્ટ જવાબદારી માટે નિર્ધારિત હોય કે ન હોય) કોઈપણ જવાબદારીઓના સંદર્ભમાં કોઈપણ બાકી રકમ વસૂલવા અથવા તેની સામે તમામ ખાતાઓમાં (સમય પહેલાં અથવા એચડીએફસી બેંકની વિવેકબુદ્ધિ મુજબ પાકતી મુદ્દતે), સિક્યોરિટીઝ, રકમો અને મિલકતમાં આવી બધી રકમનો પ્રતિદાવો, ટ્રાન્સફર, વેચાણ, વસૂલાત, સમાયોજન, વિનિયોગ કરવાનો અને કાર્ડધારકના બધા અથવા કોઈપણ ખાતાઓને ભેગા અથવા એકીકૃત કરવાનો અને સમાન પ્રકારના અથવા પ્રકૃતિના હોય કે ન હોય અને સમાન ક્ષમતામાં રાખવામાં આવે કે ન હોય, આવા દસ્તાવેજોના સંદર્ભમાં કોઈપણ જવાબદારીઓના કોઈપણ ભાગની ચુકવણીમાં કોઈપણ ડિફોલ્ટ સહીત તેવા કોઈપણ નાણાં સામે પ્રતિદાવો કરવાનો સ્પષ્ટ અધિકાર છે.

17. ફેરફારોની સૂચના

એચડીએફસી બેંક કોઈપણ સમયે, (એ) આ નિયમો અને શરતોમાં સુધારો અથવા વધારો કરવાનો;

અને/અથવા (બી) ગિફ્ટપ્લસ કાર્ડના સંદર્ભમાં શુલ્ક અથવા દર અને/અથવા શુલ્કની ગણતરીની પદ્ધતિને અસર કરતા ફેરફારો સહીત ગિફ્ટપ્લસ કાર્ડ પર પ્રદાન કરવામાં આવતી કોઈપણ સુવિધા અને/અથવા લાભમાં ફેરફાર કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. એચડીએફસી બેંક સુધારેલી શરતો, ગિફ્ટપ્લસ કાર્ડની સુવિધાઓમાં કરવામાં આવેલા ફેરફારો અને ગિફ્ટપ્લસ કાર્ડના સંદર્ભમાં સુધારેલા વ્યાજ, શુલ્ક અને દરો, એચડીએફસી બેંકની વેબસાઇટ પર જાહેર કરીને અથવા સમયાંતરે એચડીએફસી બેંક દ્વારા નક્કી કરવામાં આવે તે રીતે જાહેર કરીને જણાવશે. કાર્ડધારક સમયાંતરે એચડીએફસી બેંકની વેબસાઇટ પર પોસ્ટ કરવામાં આવતા નિયમો અને શરતોના નવીનતમ સંસ્કરણોની નિયમિતપણે સમીક્ષા કરવા માટે જવાબદાર રહેશે, અને સુધારેલા નિયમો અને શરતો એચડીએફસી બેંકની વેબસાઇટ પર જાહેર થયા પછી ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ ચાલુ રાખીને સુધારેલા નિયમો અને શરતો સ્વીકારી હોવાનું માનવામાં આવશે.

18. કાર્ડધારક સ્વીકારે છે, સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે એચડીએફસી બેંક, આ નિયમો અને શરતો અને/અથવા ગિફ્ટપ્લસ કાર્ડના સંબંધમાં, તેને યોગ્ય લાગે તે રીતે આવા બિઝનેસ કોરસપોન્ડન્ટ્સ/તૃતીય પક્ષ પેટા-કોન્ટ્રાક્ટર્સ/એજન્ટ્સ/સેવા પ્રદાતાઓનો ઉપયોગ કરી શકે છે.

19. કાર્ડધારક આથી સ્વીકારે છે, સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે કાર્ડધારકે એચડીએફસી બેંકની વેબસાઇટ (https://www.hdfcbank.com/assets/pdf/Customer-ProtectionPolicy.pdf) પર ઉપલબ્ધ એચડીએફસી બેંકની ગ્રાહક સુરક્ષા નીતિ વાંચી અને સમજી છે અને ગિફ્ટપ્લસ કાર્ડના સંદર્ભમાં, કાર્ડધારક સિવાય અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ કરવામાં આવે તો પણ તેના દ્વારા બંધાયેલા રહેવા માટે સંમત થાય છે.

20. કાર્ડધારક અને અરજદાર સ્વીકારે છે, સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે આ નિયમો અને શરતો ફક્ત એચડીએફસી બેંક અને કાર્ડધારક વચ્ચે છે અને અહીં કોઈ અન્ય તૃતીય પક્ષ પાસે કોઈ અધિકારો અથવા જવાબદારીઓ નથી.

21. અરજદાર, બિનશરતી અને અફર રીતે, સ્વીકારે છે અને પુષ્ટિ કરે છે કે અરજદારે નિયમો અને શરતો વાંચી અને સમજી લીધી છે અને નીચે આપેલા "હું સ્વીકારું છું" વિકલ્પ પર ક્લિક કરીને અરજદારની સ્પષ્ટ સમંતિ દર્શાવે છે. અરજદાર, એચડીએફસી બેંકને અરજદારે આ રજૂઆતો માટે સંમતિ આપી છે અને સ્વીકારી છે તેના પુરાવા તરીકે આવા ઇલેક્ટ્રોનિક રેકોર્ડનો ઉપયોગ કરવા માટે પણ અધિકૃત કરે છે.

22. કાર્ડધારક ગિફ્ટપ્લસ કાર્ડનો ઉપયોગ કરીને નિયમો અને શરતો સ્વીકારે છે અને ગિફ્ટપ્લસ કાર્ડના પ્રથમ ઉપયોગ પર, નિયમો અને શરતો ગિફ્ટપ્લસ કાર્ડ અને આ રજૂઆતોની વિષયવસ્તુના સંદર્ભમાં કાર્ડધારક અને એચડીએફસી બેંક વચ્ચેની સમજૂતીનું પ્રતિનિધિત્વ કરશે.

અસ્વીકારઃ ઉક્ત દસ્તાવેજ મૂળ અંગ્રેજી આવૃત્તિનું ભાષાંતર છે. જો મુદ્દા સંબંધમાં કોઈ પણ ખામી હોય તો અંગ્રેજી આવૃત્તિ સર્વોપરી રહેશે. કોઈ પણ મૂંઝવણ માટે કૃપા કરી તમારી સ્થાનિક એચડીએફસી બેન્ક શાખાનો સંપર્ક કરો.